પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯ | ૩૦ માર્ચ, ૨૦૧૮, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**એમેઝોન પર પદ્માવત**

ભારે વિવાદો વચ્ચે રીલીઝ થયેલી પદ્માવત હવે વિશ્વભરના લોકો જોઈ શકશે. એમેઝોન પ્રાઈમ વીડિયો પર તેને રીલીઝ કરાતા તે હવે ગુજરાત, રાજસ્થાનના લોકો પણ જોઈ શકશે.

**ચૂંટણીપંચ ભાજપના ઈશારે કાર્ય કરે છે : શિવસેના**

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીની તારીખ લીક થવા મામલે શિવસેનાએ કહ્યુ છે કે ચૂંટણીપંચ ભાજપના ઈશારે કાર્ય કરી રહ્યુ છે.

**સીબીએસસી પેપર લીક મામલે એકની ધરપકડ**

સીબીએસસીના બે પેપર લીક મામલે પોલીસને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. પોલીસે આ મામલે એક આરોપી વિક્કીની ધરપકડ કરી છે.

**ગંગામાં ડૂબકી લગાવી હાનિકારક**

અલ્હાબાદમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓનો સંગમ થાય છે. હિન્દુ ધર્મમાં આ સ્થળનું પવિત્ર સ્થાન છે. હવે તેની પવિત્રતા પર બટ્ટો લાગી રહ્યો છે. ગટરો દ્વારા ઠલવાતા મળ-મૂત્રથી ગંગા નદીના પાણીને ખૂબ નુકસાન પહોંચી રહ્યું છે. અહીં ફીકલ કોલિફોર્મ બેક્ટેરિયા ભયાનક સ્તરે હોવાનું જાણવા મળ્યું છે, જે નદીમાં મળના કારણે બને છે. ગંગા નદીમાં મળને એક નિશ્ચિત મર્યાદા સુધી ઠાલવવાની જ પરવાનગી છે. પરંતુ હાલ તે તેની નિશ્ચિત મર્યાદાથી ખૂબ વધારે છે.

# જીસેટ-૬એનું સફળતાપૂર્વક લોંચીંગ

**ઇસરોની સિદ્ધિ : સેટેલાઇટ મારફતે સેના અને કોમ્યુનિકેશનને મજબૂતી મળશે : ઇસરોના ટોપના વૈજ્ઞાનિકો અને ટોચની હસ્તીઓની હાજરીમાં શ્રીહરિકોટા ખાતેથી સેટેલાઇટ લોંચ : સંરક્ષણ ઉદ્દેશ્યો માટે જરૂરી સેવા ઉપલબ્ધ કરાવશે**



ચેન્નાઈ,તા. ૨૯

ભારતે આજે દૂરસંચારના ક્ષેત્રમાં વધુ એક મોટી સફળતા અને ઐતિહાસિક સિદ્ધિ હાસલ કરી હતી. ભારતના દમદાર દૂરસંચાર સેટેલાઈટ જીસેટ-૬એને આજે ખુબ જ ઉત્સુકતાપૂર્વક અને ઉત્તેજનાપૂર્ણ માહોલમાં શ્રીહરિકોટાના અંતરિક્ષ લોંચ કેન્દ્રથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરો અને ભારતીય સેનાને શક્તિશાળી બનાવવાની દિશામાં આ સેટેલાઈટ ઉલ્લેખનીય સાબિત થશે. ઈસરોના કહેવા મુજબ આ સેટેલાઈટ મારફતે કેટલીક મહત્વપૂર્ણ પ્રણાલીનું નિરીક્ષણ કરી શકાશે જેને ચંદ્રયાન-૨ની સાથે મોકલી શકાશે. સાથે સાથે આ ઉપગ્રહ ભારતીય સેનાઓ માટે સંચાર સેવાઓને વધારે મજબૂત અને સુવિધાજનક બનાવશે. આ સેટેલાઈટ મારફતે હાઈથર્સ્ટ વિકાસ એન્જિન સહિત કેટલીક સિસ્ટમને પ્રામાણિત કરી શકાશે જેને ચંદ્રયાન-૨ના લોન્ચિંગ માટે ઉપયોગ કરી શકાય છે. ચંદ્રયાન-૨ના લોન્ચિંગને આ વર્ષે ઓક્ટોબર સુધી હાથ ધરવામાં આવી શકે છે. ૪૧૪૦ કિલો વજનના જીસેટ-૬એ

● અનુસંધાન પાન-૭ પર

## માફી માંગતી વેળા સ્મિથની આંખમાં આંસુ આવી ગયા

**ગંભીર ભુલને ક્યારે પણ જીવનમાં ભુલી શકશે નહીં**



**સમયની સાથે સાથે ફરી એકવાર સંપૂર્ણ માન સમ્માન મેળવવા અને ક્રિકેટમાં વાપસી બાદ શાનદાર દેખાવ કરવા પ્રયાસ કરશે : સ્ટિવ સ્મિથ**

નવીદિલ્હી,તા. ૨૯

બોલ ટેમ્પરિંગ વિવાદમાં પોતાની કેપ્ટનશીપ ગુમાવી દેનાર અને એક વર્ષ માટેનો પ્રતિબંધનો સામનો કરી રહેલા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટિવ સ્મિથે આજે પ્રથમ વખત મિડિયા સમક્ષ હાજર થઈને પોતાના કૃત્ય બદલ માફી માંગી હતી. સાથે સાથે મિડિયા સાથે વાતચીત દરમિયાન સ્ટિવ સ્મિથ ભાંગી પડ્યો હતો અને રડી પડ્યો હતો. સિડનીમાં પત્રકારો સાથે વાતચીત કરતા સ્મિથે આ સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# પેપર લીક મામલે વાલીઓ દ્વારા વિરોધ પ્રદર્શન

**દિલ્હીના કોચિંગ સેન્ટરો ઉપર વ્યાપક દરોડા : પ્રકરણમાં માસ્ટર માઇન્ડ વિદ્યા કોચિંગ સેન્ટરના માલિક વિક્કીની ધરપકડ**

નવીદિલ્હી, તા. ૨૯

સીબીએસઈની ધોરણ ૧૦માં ગણિત અને ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રના પેપર લીક થવાને લઈને તથા પરીક્ષા ફરી લેવાને લઈને વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ છે. દિલ્હીમાં આજે વિદ્યાર્થીઓએ જંતરમંતર ઉપર દેખાવો કર્યા હતા. સીબીએસઈના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. બીજી બાજુ પોલીસે દોષિત ઉપર કાર્યવાહી શરૂ કરી દીધી હતી. પોલીસને શંકા છે કે, પેપરલીકની પાછળ દિલ્હીના કોચિંગ સેન્ટરોની ભૂમિકા હોઈ શકે છે. આજે બપોરે દ્વારકા, રોહિણી, રાજેન્દ્રનગરમાં કોચિંગ સેન્ટરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ મામલાના માસ્ટરમાઈન્ડ ગણાતા વિદ્યા કોચિંગ સેન્ટરના માલિક વિક્કીની

● અનુસંધાન પાન-૭ પર




## એનાલિટિકાની ઓફિસમાં પંજાના નિશાનથી હોબાળો

**કોંગ્રેસ પાર્ટીની મુશ્કેલી વધે તેવા સ્પષ્ટ સંકેત મળ્યા : ડેટા લીકના મામલે ભારતની રાજનીતિમાં ભૂકંપની સ્થિતી વચ્ચે ભાજપ અને કોંગી પાર્ટી વચ્ચે આક્ષેપબાજીનો દોર**

નવી દિલ્હી,તા. ૨૯

કેમ્બ્રિજ એનાલિટિકા ડેટા લીક મામલે ભારતની રાજનીતિમાં ભૂકંપની સ્થિતી સર્જાયેલી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હાલમાં સામ સામે આક્ષેપબાજીનો દોર જારી છે. દરમિયાન હવે એક નવા વિડિયોના કારણે કોંગ્રેસ પાર્ટીની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આ વિડિયોમાં કેમ્બ્રિજ એનાલિટિકાના સસ્પેન્ડ કરવામાં આવેલા સીઈઓ એલેક્સઝાન્ડર નિક્સની લંડન ઓફિસમાં દિવાર પર કોંગ્રેસ પાર્ટીના હાથનો નિશાન છે. હકીકતમાં પત્રકાર અને ટેક બ્લોગર જેમી બાલેન્ટે

● અનુસંધાન પાન-૭ પર

## ટાઈમ મેગેઝિનના દાવેદારમાં આ વર્ષે નરેન્દ્ર મોદી ફરી સામેલ

**યાદી આગામી મહિને સત્તાવાર રીતે જાહેર : હવે ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોમાં કોણ બાજી મારશે તેને લઇને ચર્ચાઓ : વોટરો ઓનલાઈન વોટ કરી શકશે**

નવીદિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, માઈક્રોસોફ્ટના ભારતમાં જન્મેલા



સીઈઓ સત્ય નાડેલા, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, નવા ફરી ચૂંટાયેલા રશિયન પ્રમુખ લ્વાદીમીર પુટિન, ચીની પ્રમુખ શી જિંગપિંગ આ વર્ષના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની ટાઈમ મેગેઝિનની યાદીમાં સ્થાન મેળવવા માટે દાવેદારો છે. સમગ્ર વિશ્વમાં પોતાની અસર છોડનાર આ લોકોની યાદીમાં નરેન્દ્ર મોદી પણ સામેલ છે. ટાઈમ મેગેઝિનની યાદીમાં આ લોકોનો સમાવેશ કરવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. ૧૦૦ પ્રભાવશાળી લોકોની ટાઈમ મેગેઝિનની યાદી માટે આ લોકો દાવેદાર રહેલા છે. આગામી મહિનામાં યાદી જાહેર કરવામાં આવનાર છે. એક દશકથી પણ વધુ સમયથી ટાઈમના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં વિશ્વના ટોપના કલાકારો, નેતાઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકો અને કાર્યકરો રહ્યા છે. ટાઈમ મેગેઝિનમાં રહેલા એડિટરો દ્વારા અંતિમ જજમેન્ટ કરવામાં આવે છે. પબ્લિકેશન દ્વારા લીડરોને ઓનલાઈન વોટ કરવા માટે કહેવામાં આવ્યું છે. લોકોના કહેવા મુજબ સૌથી પ્રભાવશાળી લોકો વર્ષના કયા રહ્યા છે તેની યાદી લોકો જ નક્કી કરી શકે છે. આ વર્ષની યાદીમાં દાવેદારોમાં નરેન્દ્ર મોદી પણ સામેલ છે. ગયા વર્ષે પણ મોદી આમા સામેલ હતા. સૌથી પ્રભાવશાળી વ્યક્તિ દુનિયાના કોણ રહ્યા છે. તેને લઈને પણ મોદી યાદીમાં સામેલ હતા. ૨૦૧૬માં પણ મોદી સામેલ હતા. વર્ષ ૨૦૧૫માં ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોમાં બરાક ઓબામા સૌથી આગળ રહ્યા હતા. આ વર્ષે દાવેદારોની યાદીમાં અન્ય જે લોકો રહ્યા છે તેમાં ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન, ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પ, ફેસબુકના સીઈઓ માર્ક ઝુકરબર્ગ, એમેઝોનના વડા જૈફ બેજોસ, બ્રિટિશ શાહી પરિવારના સભ્યો પ્રિન્સ વિલિયમ, તેમના પત્નિ કેથરિન, પ્રિન્સ હેનરી, તેમની પ્રેમિકા માર્કલ, પૂર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાનો સમાવેશ થાય છે.

## 'હર ચીજમેં લીક હૈ, દેશ કા ચોકીદાર વીક હૈ': રાહુલ ગાંધી

**ટ્વિટર ઉપર રાહુલ ગાંધીએ મોદીની કરેલી ટીકા : દરેક મહત્વના ડેટા હાલના સમયમાં લીક થઇ રહ્યા છે : કોંગ્રેસ**

નવીદિલ્હી, તા. ૨૯

સીબીએસઈ પેપર લીક મામલામાં કેન્દ્ર સરકાર ઉપર પણ આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે આ મામલામાં કુદી પડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, ચોકીદાર નબળા પડી રહ્યા છે. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ તાજેતરના સમયમાં જુદા જુદા દસ્તાવેજો લીક કરવાને લઈને પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ડેટા લીક થઈ રહ્યા છે. આધારના ડેટા લીક થઈ રહ્યા છે. ધોરણ ૧૦ પરીક્ષાના પેપર લીક થઈ રહ્યા છે. ચૂંટણી સાથે સંબંધિત ડેટા લીક થઈ રહ્યા છે. દરેક બાબતમાં લીકેજની સ્થિતિ જોવા મળી રહી છે. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ પેપર લીક કેસના મામલામાં સરકાર ઉપર પ્રહાર કર્યા છે. જ્યોતિરાદિત્ય સિંધિયા અને કપિલ સિબ્બલે પણ સરકારની જોરદાર ઝાટકણી કાઢી છે. સિંધિયાએ સરકારની નિષ્ફળતા હોવાની વાત કરીને કહ્યું છે કે, દેશ બદલ રહા હૈ તેવી વાત કરી રહેલા લોકોની નિષ્ફળતા દેખાઈ રહી છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનિષ સિસોદિયાએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા છે અને આક્ષેપ કર્યો છે કે, તમામ સંસ્થાઓ




ગેરરીતિ આચરી રહી છે. ટ્વિટર પર વાત કરતા સિસોદિયાએ કહ્યું છે કે, સરકાર કોઈપણ સંસ્થાને અંકુશમાં લઈ શકી નથી. સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની એક એક વિષયની પરીક્ષા નવેસરથી લેવાની જાહેરાત કરી ચુકી છે ત્યારે ભારે હોબાળો થઈ રહ્યો છે. બીજી બાજુ પેપર લીક થવાના મામલામાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ધોરણ ૧૦ના પેપરને લીક કરવાના મામલામાં એક અને ધો-૧૨ના પેપરને લીક કરવાના મામલામાં અન્ય એક એફઆઈઆર દાખલ કરાઈ છે.

**રહીમચાચા આવી ગયા છે**
ફળોના રાજા કેરી માટે
રત્નાગીરી હાફુસ કેરી તથા પાયરી કેરી,
તથા સૌરાષ્ટ્ર અને કચ્છની કેસર કેરી માટે મળો
જુના અને જાણીતા
**રહીમચાચા**
(૨૮ વર્ષથી રેગ્યુલર સર્વિસ)
નવદીપ કિરાણા પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં,
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ખાસ નોંધ : સોમવારે પણ અમારી દુકાન ચાલુ રહેશે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

1 Day free Workshop
on
Career Guidance
Useful for B.Com / BBA and BE Graduate students
Date : 3rd APRIL 2018
Time : 09.30 AM to 03.00 PM
Registration : Free
: Venue :
Shri Jairambhai Patel institute of business management
Nr. Indroda Circle, Gandhinagar
Call on 9824337976 for registrations
WebSite : www.nicm.coop

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
એટલે...શ્રેષ્ઠ કાર્યક્રમો, શ્રેષ્ઠ આયોજન
અને શ્રેષ્ઠ વાતાવરણ ઉપરાંત
યુવાનોના સર્વાંગી વિકાસ
માટેની પ્રતિબદ્ધતા.
શું આપ સભ્ય છો ?
આગામી કાર્યક્રમ
ગ્રીષ્મોત્સવ
૧૧-૧૨-૧૩ મે,૨૦૧૮
ના હોવ;
તો આજે જ બનો.
હોવ; તો આજે જ
રિન્યુઅલ ફોર્મ ભરો.
જલ્દી કરો, સભ્યસંખ્યા મર્યાદિત.
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૦-૪-૨૦૧૮
સભ્યપદ માટે આજે જ સંપર્ક કરો
ગાંધીનગર સમાચાર કાર્યાલય
684/1, સેક્ટર-8, ગાંધીનગર. ફોન : 23222571, 23237571.
PARAM